# “પૃથ્વીનો પ્રાણવાયુ”

હે પ્રભુ તું દીનદયાલ,
દીધા અમને આતમપ્રાણ
ને પ્રાણ સંજીવની સાથં સાથ,
દીધા યંત્ર નામે વૃક્ષ
દે પ્રાણવાયુ અપરંપાર.
માનવ જાતે કર્યા ના મોલ
કર્યા નિકંદન વૃક્ષે વૃક્ષ,
કરી જંગલિયાત જંગલ સાથ
લો કરી તમે કુદરતને રુક્ષ.
તોય કાપ્યા વૃક્ષ વૃક્ષ
સર્વે અગ્નિ ચિતાને કાજ,
આવ્યો દાનવ કોવિડ આજ
કરે અતિ માનવ સંહાર,
હજુ જો ઊઘડે માનવ આંખ
કરે પ્રાકૃતિક દરકાર.
વૃક્ષ વૃક્ષ કલ્પવૃક્ષ
તે અમોએ જાણ્યું આજ,
જળવાયુ પરીવર્તન કાજ
વૃક્ષ ઉછેરશું આજ ને આજ.
દરેક માનવ લે “પણ” આજ
વિના વૃક્ષ નહીં ઉદ્ધાર,
વૃક્ષે વૃક્ષે વનરાવન
પાંદડે પાંદડે પુરુષોત્તમ.

વિશ્વાત્મા
ગ્લોબેલિયન
ડો. ચૈતન્ય પટેલ

“કોરોના” કાળ નો સંદેશ